# બનાસકાંઠાના છેવાડા ગામોમાં પાણીનો પોકાર

## પીવાના પાણી માટે મારી રહ્યા છે વલખાં, ૨ કિલોમીટર ચાલી પાણી લાવવું પડે છે




ઉનાળો આવતા જ અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકોને સૌથી પહેલી સમસ્યા પાણીની આવી પડતી હોય છે. આવામાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલા રાણપુર આંબા ગામના લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે. આ આકરા ઉનાળામાં આ ગામ લોકો બે કિલોમીટર સુધી ચાલીને પાણી ભરવા માટે મજબૂર બન્યા છે.

ગુજરાત વિકાસશીલ રાજ્ય છે આ રાજ્ય મા પાણી માટે મોટા મોટા ડેમ આવેલા છે સુજલામ સુફલામ યોજના કે નર્મદાનું પાણી લોકો સુધી પહોંચી રહ્યું છે પરંતુ આ ગુજરાતમા અમુક જીલ્લાઓ એવા પણ છે કે જ્યા પીવાનુ પાણી મળતુ નથી વાત કરીએ તો બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકો વિકાસની દ્રષ્ટિએ ઘણો પાછળ છે. આ વિસ્તાર મહત્તમ આદિવાસી સમાજની બહુમતી ધરાવતો પ્રદેશ છે આ તાલુકામા સૌથી વધુ અશિક્ષિત અને પહાડી વિસ્તારમા રહેતા લોકો વસવાટ કરે છે જેમનું મુખ્ય આધાર ખેતી અને મજૂરી કામ છે હાલમા ઉનાળાના પ્રારંભે આ વિસ્તારમા પાણી પાણીના પોકાર જોવા મળી રહ્યા છે, ત્યારે દાંતાથી ૩૦ કિલોમીટર દૂર આવેલું રાણપુર આંબા ગામની પાડલી ફળીમા રહેતા લોકોને પાણી માટે છેક ૨ કિલોમીટર સુધી જવું પડે છે આ લોકોના ઘર પાસે હેડપંપની વ્યવસ્થા ન હોઈ છેક ૨ કિલોમીટર દૂર સુધી રોજે રોજ પાણી લેવા આવવું પડે છે.

અંબાજીથી લગભગ ૧૦ કિલોમીટર દૂર રાણપુર ગામ આવેલું છે આ ગામ રોડ પર આવેલું છે. આ ગામની વસ્તી અંદાજે ૩૦૦૦ લોકોની છે પણ આ ગામની પાડલી ફળી રોડથી ઘણી અંદર આવેલી છે. અહીં રહેતા લોકોના ઘર પાસે પાણીની વ્યવસ્થા ન હોવાથી આ લોકોને છેક હાઈવે સુધી પાણી ભરવા આવવું પડે છે, આ ગામમા રહેતા લોકો પણ કોરોના વાઈરસને લીધે મોઢે માસ્કની જગ્યાએ કપડુ બાંધી કોરોનાના બચાવ માટે જાગૃત બન્યા છે, આ લોકો પાણી ભરવા આવે ત્યારે પણ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે છે, આ ગામના લોકો તાપમા પહાડો પરથી ચાલતા ચાલતા માથે પાણીનો ઘડો લઈ ૨ કિલોમીટર સુધી પાણી ભરવા આવે છે. સરકાર તરફથી આ વિસ્તારમા પાણી માટે વ્યવસ્થા કરાય તો પાણીની સમસ્યા દૂર થઈ જાય તેમ છે, આ ગામના લોકો સવારે, બપોરે અને સાંજે મોટે ભાગે પાણી લેવા જાય છે ત્યારે મહિલાઓ અને નાના બાળકો જોઈ શકાય છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૯ના મોત, મૃતાંક ૫૬૬

## ગુજરાતમાં કેસોની સંખ્યા ૯૨૬૮ : રાજ્યમાં ૨૪ કલાકમાં ૩૬૪ નવા કેસ થયા : અમદાવાદમાં ૨૯૨, સુરતમાં ૨૩, વડોદરામાં ૧૮ કેસો, સાતના કોરોનાથી, ૨૨ના અન્ય બિમારીથી મોત

ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં કોરોના કહેર યથાવતરીતે જારી રહ્યો છે. કોરોના અંગે આરોગ્ય વિભાગના સચિવ જ્યંતિ રવિએ આજે વિગતવાર માહિતી આપી હતી. સચિવ જ્યંતિ રવિએ માહિતી આપતા કહ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૬૪ નવા કેસો નોંધાયા છે. રાજ્યમાં ૨૪ કાલકમાં કુલ ૨૯ લોકોના મોત થયા છે અને મોતનો આંકડો વધીને રાજ્યમાં ૫૬૬ પર પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં જે ૩૬૪ નવા કેસો નોંધાયા છે તે પૈકી અમદાવાદમાં ૨૯૨, વડોદરામાં ૧૮, સુરતમાં ૨૩, મહેસાણામાં ૮, દેવભૂમિ દ્વારકામાં ૭, ભાવનગર અને જામનગરમાં ૩-૩ કેસનો સમાવેશ થાય છે જ્યારે પાટણમાં બે, પંચમહાલ, બનાસકાંઠા, ગીર-સોમનાથ, ખેડા, અરવલ્લી, મહિસાગર, જુનાગઢ અને અમરેલીમાં ૧-૧ કેસ નોંધાયા હતા. વધુ માહિતી આપતા જ્યંતિ રવિએ કહ્યું હતું કે, સાત લોકોના મોત કોરોનાથી થાય હતા જ્યારે ૨૨ના અન્ય બિમારી, હાઈરિસ્ક અને કોરોનાને કારણે મોત થયા હતા.

રાજ્યમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૯૨૬૮ ઉપર પહોંચી ચુકી છે. અત્યાર સુધી બાકી રહેલા અમરેલી જિલ્લામાં પણ કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. આ સાથે જ સમગ્ર ગુજરાત કોરોનાની ઝપટમાં આવી ગયું છે.

રાજ્યમાં તબક્કાવાર લોકડાઉનમાં હળવાશ આપવામાં આવી રહી છે. રાજ્ય સરકારે એસટી બસ સેવા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જોકે આ બસો ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં જ ચાલશે. રેડ ઝોનમાં બસો દોડાવવામાં આવશે નહીં.

### બાયડ તાલુકાના ચોઈલા ગામે કોરોનાનો પ્રથમ કેસ

બાયડ તાલુકાના ચોઈલા ગામે આજરોજ કોરોનાનો પ્રથમ કેસ બહાર આવતાં ચોઈલા ગામમાં ભયનો માહોલ છવાયો હતો. મહિલાને નરોડથી સંક્રમણ થયાનું બહાર આવ્યું હતું.

આ અંગે બાયડ તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર ડૉ ધર્મેન્દ્રભાઇ પરમારે જણાવ્યું કે બાયડ તાલુકાના ચોઈલા ગામે આજ રોજ કોરોનાનો પ્રથમ કેસ બહાર આવતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું. મહિલ ને નરોડાથી સંક્રમણ થયાનું બહાર આવ્યું હતું. બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. મહિલાને છેલ્લા ૧૫ દિવથી કોરન્ટાઈન કરવામાં આવી હતી. મહિલાનો રીપોર્ટ કરતાં મહિલાનો રીપોર્ટ પોઝિટીવ આવતાં આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. ચોઈલામાં કોરોનાનો કેસ આવતાં કન્ટેઈટમેનટ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે ગામમાં આવાના મુખ્ય માર્ગ ઉપર થર્મલ સ્ક્રિનિંગ તથા ચુસ્ત પોલીસ બંદોબસ્ત મૂકવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને આજે સવારે ૧૧ વાગ્યે રાજ્યમંત્રી મંડળની સતત સાતમી વીડિયો કોન્ફરન્સ કેબિનેટ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કોરોના સંક્રમણના આ સમયમાં પણ પ્રજાહિતના કામોના નિર્ણયો લેવામાં આવ્યા હતા. વિરમગામના રહેવાસી ૬૫ વર્ષીય મુસ્તાકભાઈ વેપારી ૧૧ મેના રોજ તાવ અને છેલ્લા સાત દિવસથી શ્વાસની તકલીફ થતા સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલમાં દાખલ થયેલા હતા. મંગળવારે રાતે જ તેઓનું મોત નીપજ્યું હતું. તેઓને હાયપરટેન્શન, કિડની અને હૃદયની અન્ય બીમારી પણ હતી. ત્રણ વર્ષ પહેલા બાયપાસ સર્જરી પણ કરાઈ હતી. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છેકે, ૨૦ લાખ કરોડના પકેજની બપોરે ૪ વાગ્યે જાહેરાત બાદ અમલીકરણ ગુજરાતમાં ઝડપથી કેવી રીતે થઈ શકે અને તેનો લાભ ગુજરાતના અલગ અલગ વર્ગને, વેપારી, દુકાનદાર, ઉદ્યોગકારોને ખેડૂતોને આ પેકેજનો ઝડપથી લાભ લોકો સુધી પહોંચે એ માટે રણનીતિ નક્કી કરવામાં આવી છે. રાજ્યમાં વેપાર રોજગાર સહિતના આર્થિક અને નાણકીય ક્ષેત્રે પુનઃ નિર્માણ માટે આ કમિટની રચના કરવામાં આવી છે. આ કમિટીના અધ્યક્ષ તરીકે હસમુખ અઢિયા કામ કરશે. કમિટી દ્વારા એક મહિનામાં રિપોર્ટ તૈયાર કરવામાં આવશે અને કમિટી દ્વારા સૂચવવામાં આવેલી ભલામણોના આધારે સરકાર નિર્ણય કરશે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૬૬૪૫ | ૪૪૬ | ૨૧૧૨ |
| વડોદરા | ૫૯૨ | ૩૨ | ૩૪૪ |
| સુરત | ૯૬૭ | ૪૩ | ૫૬૨ |
| રાજકોટ | ૬૬ | ૨ | ૫૧ |
| ભાવનગર | ૧૦૦ | ૦૭ | ૪૬ |
| આણંદ | ૮૦ | ૭ | ૭૦ |
| ભરૂચ | ૩૨ | ૨ | ૨૫ |
| ગાંધીનગર | ૧૪૨ | ૫ | ૫૩ |
| પાટણ | ૩૧ | ૦૨ | ૨૨ |
| પંચમહાલ | ૬૬ | ૪ | ૩૩ |
| બનાસકાંઠા | ૮૨ | ૩ | ૩૬ |
| નર્મદા | ૧૩ | ૦ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૧૭ | ૦ | ૧૪ |
| કચ્છ | ૧૪ | ૧ | ૬ |
| મહેસાણા | ૬૭ | ૨ | ૩૭ |
| બોટાદ | ૫૬ | ૧ | ૨૨ |
| પોરબંદર | ૩ | ૦ | ૩ |
| દાહોદ | ૨૦ | ૦ | ૫ |
| ગીર-સોમનાથ | ૧૮ | ૦ | ૩ |
| ખેડા | ૩૩ | ૧ | ૧૦ |
| જામનગર | ૩૩ | ૨ | ૨ |
| મોરબી | ૨ | ૦ | ૧ |
| સાબરકાંઠા | ૨૭ | ૨ | ૭ |
| અરવલ્લી | ૭૬ | ૨ | ૨૨ |
| મહીસાગર | ૪૭ | ૧ | ૩૫ |
| તાપી | ૨ | ૦ | ૨ |
| વલસાડ | ૬ | ૧ | ૪ |
| નવસારી | ૮ | ૦ | ૭ |
| ડાંગ | ૨ | ૦ | ૨ |
| સુરેન્દ્રનગર | ૩ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦ | ૦ |
| જુનાગઢ | ૪ | ૦ | ૨ |
| અમરેલી | ૦૧ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૧ | ૦ | ૦ |
| **કુલ** | **૯૨૬૮** | **૫૬૬** | **૩૫૬૨** |



**ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા અખાદ્ય ચીજવસ્તુનો નાશ કરાયો**

ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં ધનસુરા ગામ પંચાયત વિસ્તારમાં આવેલી હોટલ તથા ડેરીમાં અખાદ્ય ચીજવસ્તુનો ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા નાશ કરવામાં આવ્યો હતો. હાલમાં ચાલી રહેલા કોરોનાને લઈને તંત્ર ધ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે ત્યારે ધનસુરામાં હોટલો અને ડેરીઓમાં તપાસ કરી અખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં સર્કલ ઓફિસર-ધનસુરા,ધનસુરા ગ્રામ પંચાયત ત.ક.મંત્રી મહેશભાઈ જે. પ્રજાપતિ, ઘનસુરા ગ્રામ પંચાયતના સિનીયર કલાર્ક પ્રદિપભાઈ આર. ભાવસાર ધનસુરા ગ્રામ પંચાયતમાં શોપ્સ ઈન્સપેકટર અર્પણભાઈ કે. પટેલ, રેવન્યુ તલાટી એસ.એમ. પટેલ તેમજ કે.વી. પટેલ તેમજ ઘનસુરા ગ્રામ પંચાયત સ્ટાફ પ્રકાશભાઈ તથા આકાશભાઈ દ્વારા તમામ અખાદ્ય જથ્થો નાશ કરાવવામાં આવ્યો હતો.

### ખસેડાઈ... ●

**અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચાલી રહી છે અનો આવશ્યક સેવામાં પણ તે આવતી હોવાથી હાલ કામચલાઉ ધોરણે આ કચેરી સહયોગ સંકુલ ખાતે ખસેડવામાં આવી છે.

જિલ્લા પંચાયત સંકુલમાં અગાઉ ફોગીંગ પણ કરાયુ હતુ. હવે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આરોગ્યતંત્રને સમગ્ર સંકુલનું ફ્યુમીગેશન કરવાની સૂચના આપી છે. આ કામગીરી સોમવાર પહેલાં થઈ જશે એટલે સોમવારથી જિલ્લા પંચાયતની કચેરીઓ જે કામચલાઉ ધોરણે ખસેડાઈ છે તે પુનઃ મૂળ સંકુલમાં કાર્યરત થઈ જશે.

### કેબિનેટ બેઠક...

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અન્ય મંત્રીઓ જિલ્લા મથકોએથી આ કોન્ફરન્સ કેબિનેટમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમણ અને તેની સામેના આરોગ્યલક્ષી પગલાંઓ, લોકડાઉનની અમલીકરણ સ્થિતી તેમજ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે અનાજ વિતરણ વ્યવસ્થાની જિલ્લાવાર સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લા કલેકટરોને જણાવ્યું કે પ્રવર્તમાન સ્થિતીમાં ગુજરાતમાંથી જે અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારો એકવાર પોતાના વતન રાજ્ય જવા ઈચ્છે છે તેમના માટે હાલ મોટા પાયે ટ્રેન ચલાવીને વ્યવસ્થાઓ કરવામાં આવેલી છે. મુખ્યમંત્રીએ એવી પણ તાકીદ કલેકટરોને કરી કે, આવી ટ્રેનનું હજુ પણ સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ જેવા નગરોમાંથી વધુ સઘન રીતે આયોજન કરવા યુપી, બિહાર, ઓડિશા, ઝારખંડ જેવા રાજ્યોના શ્રમિકોને વતન રાજ્ય જવા ચોક્કસ ટાઈમ બાઉન્ડ પ્રોગ્રામ બનાવી તેનું અમલીકરણ કરવામાં આવે.

### મુક્ત થયા...●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૬૩૪૨ રહેલી છે જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે. દુનિયાના તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિકન અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. બધા દેશ પગલા લઈ રહ્યા છે પરંતુ હાલ બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતી સુધરી રહી નથી. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની જેવા દેશોમાં પણ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ આવી જ સ્થિતિ સર્જાયેલી છે. તમામ દેશોની સરકારો દ્વારા અનેક પગલાઓ લીધા હોવા છતાં કોરોના પર કાબૂ મેળવી શકાયો નથી. વિશ્વમાં અમેરિકા સૌથી વધુ પ્રભાવિત દેશ તરીકે ઉભરી આવ્યું છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. સમગ્ર દુનિયા કોરોના વાયરસના પ્રકોપથી ત્રાહિમામ પોકારી ગઈ છે. વિશ્વ ૨૧૦ દેશોમાં કોરોના વાયરસનો કહેર યથાવતરીતે જારી રહ્યો છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. કોરોના વાયરસને ફેલાવવામાં ચીનના વુહાન શહેરની ભુમિલાને લઈને અમેરિકાએ ડબલ્યુએચઓ પર ચીનનો પક્ષ લેવાનો આક્ષેપ કર્યો હતો. આ સંદર્ભે ડબલ્યુએચઓએ પ્રતિક્રિયા પણ આપી હતી. કોરોના વાયરસને લઈને વિશ્વએ ચીન પર આરોપ લગાવ્યો હતો કે, પોતાના ત્યાં વાયરસને ફેલાતો રોકવાના પ્રયાસો યોગ્ય રીતે થઈ રહ્યા નથી.

### રિટર્નની તારીખ...

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

સંઘર્ષ-વિશ્વાસ યોજના ૩૧ ડિસેમ્બર સુધી જુના બાકી વેરા વિવાદોના સમાધાન માટે લાવવામાં આવેલા વિવાદને કારણે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ટ્રસ્ટ યોજનાનો લાભ પણ મળશે. નાણાં પ્રધાને કહ્યું હતું કે કરદાતાઓ જેઓ આ યોજના હેઠળ બાકી રહેલા વિવાદોને સમાધાન કરવા ઈચ્છે છે તેઓ હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં અરજી કરી શકશે.

### સ્વદેશી કિટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસ્થાના બે વૈજ્ઞાનિકોએ તૈયાર કરી છે. દેવજ્યોત ચક્રવર્તી અને સૌવિક મેતી નામના આ બંને વૈજ્ઞાનિકો બંગાળી છે. આ એક પેપર બેઝ્ડ ડાયગ્નોસ્ટિક કિટ છે. જેમાં એક સોલ્યુશન લગાડવામાં આવ્યું છે. કોરોના વાયરસના આરએએનને આ પેપર પર રાખવામાં આવે કે તરત ખાસ પ્રકારના બેન્ડ (લાઈન) દેખાય છે, જેનાંથી પેશન્ટ પોઝિટિવ છે કે નેગેટિવ તેની ખબર પડી શકે છે. આ સ્ટ્રિપમાં બે બેન્ડ છે. પહેલો બેન્ડ કન્ટ્રોલ બેન્ડ છે, જેનો રંગ બદલાય એટલે ખબર પડે કે સ્ટ્રિપનો ઉપયોગ બરાબર રીતે થયો છે. બીજો બેન્ડ ટેસ્ટ બેન્ડ છે. આ બેન્ડનો રંગ બદલાય તેનો અર્થ એ થશે કે પેશન્ટ કોરોના પોઝિટિવ છે. જો કોઈ બેન્ડ ન દેખાય તો પેશન્ટ કોરોના નેગેટિવ હોવાનું કહી શકાશે. આ ટેસ્ટ કિટ ચાઈનિઝ રેપિડ ટેસ્ટ કિટથી તદન અલગ છે અને ચોક્સાઈમાં અનેકગણી વધુ કાર્યક્ષમ છે. અમેરિકાની બર્કલે યુનિ.માં પણ પેપર બેઝ્ડ ટેસ્ટ કિટમાં પ્રયોગો થયા છે. પરંતુ સ્વદેશી કિટ તેનાં કરતાં પણ વધુ ચોક્સાઈભરી છે. બંને બંગાળી વૈજ્ઞાનિકોએ પોતાના પ્રિય ફિલ્મસર્જક સત્યજીત રેના પાત્ર ડિટેક્ટિવ ફેલુદા પરથી આ કિટને ફેલુદા નામ આપ્યું છે. વાર્તાઓ અને ફિલ્મોમાં ફેલુદા જે પ્રકારે કોઈપણ રહસ્ય ઉકેલી શકતા હતા એ જ રીતે આ ટેસ્ટ કિટ પણ કોરોના સંક્રમણને આબાદ શોધી લે છે.

### પેકેજ...

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

કંપનીઓ પાસેથી લેવાના નીકળતા પેમેન્ટને દોઢ મહિનામાં ચૂકવી દેવામાં આવશે. લોકડાઉન વખતે સરકારે ૧૦૦થી ઓછા કર્મચારી ધરાવતા યુનિટ્સમાં જેમનો પગાર ૧૫,૦૦૦થી ઓછો પગાર હોય તેવા કર્મચારીઓના પગારમાંથી પીએફ કાપવાને બદલે પોતે તેની ચૂકવણી કરવાની જાહેરાત કરી હતી. જેનું અમલીકરણ ઓગસ્ટ મહિના સુધી લંબાવાયું છે. એનબીએફસી, હાઉસિંગ ફાઈનાન્સ કંપની, માઈક્રો ફાઈનાન્સ યુનિટ્સને રોકડની તંગી ના નડે તે માટે ૩૦,૦૦૦ કરોડ રુપિયાની ખાસ જોગવાઈ કરાઈ. તેનાથી આ નાણાંકીય સંસ્થાને રોકડ મળશે. સરાકારત્મક અસર એમ એસ એમઈ તેમજ હાઉસિંગ ક્ષેત્રને પ્રોત્સાહન મળશે. આ રકમની ગેરંટી ભારત સરકાર આપશે. નોન બેન્કિંગ ફાઈનાન્સ માટે વધુ ૪૫,૦૦૦ કરોડ રુપિયાની આંશિક ઋણ ગેરંટી યોજનાની જાહેરાત. ભારત સરકાર તેની ગેરંટર હશે અને ૨૦ ટકા જેટલું નુકસાન તે ભોગવશે. તેમાં છઇ પેપર કે તેનાથી પણ નીચી કેટેગરીની સંસ્થાઓને પણ પૈસા મળી શકશે. વીજ વિતરણ કંપનીઓને અનેક રાજ્યો પાસેથી મોટી રકમ લેવાની નીકળે છે. તેમની આવકમાં મોટી કમી આવી છે. વીજળી ઉત્પાદન કરનારા તેમજ ગ્રાહકોને તેની અસર ના પડે તે માટે ૯૦,૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ. આ રુપિયા પાવર ફાઈનાન્સ કોર્પોરેશન-રુરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન દ્વારા અપાશે. ૨૦૦ કરોડના ટેન્ડર ગ્લોબલ ના કરવા ઉપરાંત, હાલ રેલવે, રોડ તેમજ અલગ-અલગ સરકારી વિભાગોના કામ કરી રહેલા કોન્ટ્રાક્ટરોને છ મહિના સુધીનું એક્સ્ટેન્શન આપવામાં આવશે.